# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશમાં ગેરકાયદે રહેતા દરેક લોકોને ઓળખવા અને તેમને દેશનિકાલ કરવા સરકારની દ્રઢ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

2) કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, દેશમાં અનાજનો પૂરતો જથ્થો ઉપલબ્ધ.

3) તેલંગાણાના કાઝીપેટ રેલવે નિર્માણ એકમમાં આગામી પાંચ વર્ષમાં 200 ઇન્ટરસિટી ટ્રેનનું નિર્માણ કરાશે.

4) કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પદ પરથી રાજીનામું આપ્યું.

5) પ્રસિદ્ધ કવિ અને ઉર્દૂ સાહિત્યકાર બશીર બદ્રનું 91 વર્ષની વયે મધ્યપ્રદેશમાં અવસાન.

6) રાંચીમાં પ્રતિબંધિત ઉગ્રવાદી સંગઠન પિપલ્સ લિબરેશન ફ્રન્ટ ઑફ ઇન્ડિયાના મુખ્ય સૂત્રધાર અમૃત હોરોની ધરપકડ.

..........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશમાં ગેરકાયદે રહેતા દરેક લોકોને ઓળખવા અને તેમને દેશનિકાલ કરવા સરકારની દ્રઢ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. ગુજરાતના ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં 340 કરોડ રૂપિયાની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ એક જાહેરસભાને સંબોધતાં તેમણે આ વાત કહી.

**(BYTE: AMIT SHAH, HOME MINISTER)**

શ્રી શાહે એક સપ્તાહમાં સરહદ સુરક્ષા દળ – BSFને 600 હેક્ટર જમીન ઉપલબ્ધ કરાવવા બદલ પશ્ચિમ બંગાળ સરકારની પ્રશંસા કરી. આજે વીર સાવરકરજીની જયંતી નિમિત્તે શ્રી શાહે માતૃભૂમિ પ્રત્યે તેમના સર્વોચ્ચ બલિદાન, સમર્પણ અને અમૂલ્ય યોગદાનને પણ યાદ કર્યું.

ત્યારબાદ અમદાવાદમાં નવનિર્મિત ઉમિયાધામ છાત્રાલય પરિસરના લોકાર્પણ પ્રસંગે શ્રી શાહે કહ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે રાષ્ટ્રીય સુરક્ષામાં અભૂતપૂર્વ પરિવર્તન જોયું છે. દેશે એક દાયકામાં નક્સલવાદ અને આતંકવાદને નાબૂદ કર્યો હોવાનું શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું હતું.

ત્યારબાદ શ્રી શાહ આગામી ઑલિમ્પિક, રાષ્ટ્રમંડળ અને વિશ્વ પોલીસ તથા અગ્નિશમન રમતો માટે માળખાકીય સુવિધાઓની તૈયારીઓની સમીક્ષા કરવા અતિથિગૃહમાં એક ઉચ્ચસ્તરની સમિક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે.

# WB GOVT INFILTRATORS

પશ્ચિમ બંગાળ સરકાર બંગાળને ગેરકાયદે ઘૂસણખોરોથી મુક્ત કરાવવાના શક્ય તમામ પ્રયાસ કરી રહી છે. મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ પદભાર સંભાળતા જ ઘૂસણખોરોને અંકુશમાં લાવવા “શોધો, દૂર કરો, દેશનિકાલ કરો”ની નીતિ લાગુ કરી છે. આ યોજના હેઠળ ઘૂસણખોરોની અટકાયત કરવામાં આવી રહી છે અને તમામ કાયદાકીય ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા બાદ તેમને બાંગ્લાદેશ પરત મોકલાઈ રહ્યા છે.

કાયદાકીય ઔપચારિકતા પૂર્ણ ન થાય ત્યાં સુધી ઘૂસણખોરોને અટકાયત કેન્દ્રોમાં રખાય છે. ઉત્તર 24 પરગણાના સ્વરૂપનગરમાં આજે હકીમપુર ચેકપોસ્ટ પર લગભગ 50 બાંગ્લાદેશી ઘૂસણખોરોએ તેમના ઘરે પરત જવાની ઈચ્છા વ્યક્ત કરી હોવાનું જણાયું છે. આ ક્ષેત્રમાં ત્રણ અટકાયત કેન્દ્રમાં હાલ લગભગ 350 લોકો દેશનિકાલની રાહ જોઈ રહ્યા છે.

# REV CHOUHAN KHARIF CONFERENCE

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, દેશના મહેનતી ખેડૂતોના અથાગ પ્રયાસથી દેશમાં અનાજનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

નવી દિલ્હીમાં ખરીફ અભિયાન 2026 માટે રાષ્ટ્રીય કૃષિ સંમેલનના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું, આ વર્ષે દેશમાં અંદાજિત અન્ન ઉત્પાદન 376 કરોડ ટનથી વધુ છે, જે ગત વર્ષની સરખામણીએ 5.3 ટકા વધારે છે.

શ્રી સિંહે બે દિવસનું આ સંમેલન ખરીફ કૃષિ ક્ષેત્રના કલ્યાણ માટે એક વ્યૂહરચના તૈયાર કરવામાં મદદરૂપ થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, આ સંમેલન સેન્દ્રીય ખેતી, સંકલિત ખેતી અને અન્ય ક્ષેત્રો પર ચર્ચા માટે એક મંચ પૂરું પાડશે. તેનો ઉદ્દેશ આગામી ખરીફ મોસમ માટે વ્યૂહરચના પર વિચાર-વિમર્શ કરવાનો છે.

# VAISHNAW KAZIPET UNIT

કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, તેલંગાણાના કાઝીપેટ રેલવે નિર્માણ એકમમાં આગામી પાંચ વર્ષમાં 200 ઇન્ટરસિટી ટ્રેનનું નિર્માણ કરાશે. આ ટ્રેનોને દેશભરમાં ઓછા અંતરની યાત્રા માટે દોડાવાશે.

શ્રી વૈષ્ણવે કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી રવનિતસિંહ બિટ્ટુ અને વરિષ્ઠ અધિકારીઓની સાથે આજે કાઝીપેટ રેલવે નિર્માણ એકમને શરૂ કરવાની યોજનાઓની સમીક્ષા કરી. આ ટ્રેન સામાન્ય રીતે લગભગ 300 કિલોમીટર સુધીનું અંતર કાપશે અને દરેક મુસાફરીમાં સ્ટોપ હશે. આ ટ્રેનો લોકોને ઇન્ટરસિટી યાત્રાનો એક નવો વિકલ્પ પૂરો પાડશે.

મંત્રાલયે જણાવ્યું, આ ટ્રેનો સ્થાનિક લોકોને મોટાપાયે ટ્રેનોમાં મુસાફરી કરવા સક્ષમ બનાવશે. રેલવેની આટલી મોટી શરૂઆતથી દેશભરમાં હરિયાળી અને સ્વચ્છ પરિવહન ક્ષમતામાં વધારો થશે.

# NTA RESCHEDULE

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – NTA-એ સંયુક્ત વિશ્વવિદ્યાલય પ્રવેશ પરીક્ષા – C.U.E.T. યુજી 2026 પરીક્ષાની નવી તારીખ અને પ્રવેશપત્ર જાહેર કર્યાં. N.T.A.ના જણાવ્યા મુજબ, હવે 31 મે, છ અને સાત જૂને આ પરીક્ષા યોજાશે. ઈદ-ઉલ-અઝહાના કારણે આજે યોજાનારી પરીક્ષાની તારીખ બદલવામાં આવી.

NTA-એ જણાવ્યું, રવિવારે પરીક્ષા આપનારા ઉમેદવારો NTAની સત્તાવાર વેબસાઈટ cuet.nta.nic.in પરથી પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે. જ્યારે આગામી છ અને સાત જૂને યોજાનારી પરીક્ષાના પ્રવેશપત્ર ટૂંક સમયમાં જાહેર કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 31 મે-ના રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134-મી કડી હશે.

લોકો તેમના મંતવ્ય અને સૂચન ટોલ-ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ MyGOV ઑપન ફોરમ અથવા નરેન્દ્ર મોદી એપ પર પણ ઑનલાઈન મોકલી શકશે. ઉપરાંત નાગરિકો 1922 નંબર પર મિસ્ડ કૉલ પણ આપી શકે છે અને ટૂંકી સંદેશ સેવા - SMSમાં મળેલી લિન્ક પર ક્લિક કરીને સીધા જ પ્રધાનમંત્રીને તેમના સૂચન મોકલી શકે છે. આવતીકાલ સુધી મંતવ્ય અને સૂચન મોકલી શકાશે.

# MP CHEETAHS

મધ્યપ્રદેશથી ચાર ચિત્તાનું કચ્છના બન્ની ઘાસના મેદાનમાં સ્થળાંતર કરાશે. રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળ અને ચિત્તા પરિયોજના સંચાલન સમિતિએ મધ્યપ્રદેશમાં પુનર્વસન કરાયેલાં બે નર અને બે માદા આફ્રિકન ચિત્તાઓને બન્ની ઘાસના મેદાનમાં મોકલવા મંજૂરી આપી છે. આ સાથે જ મધ્યપ્રદેશના કુનો રાષ્ટ્રીય ઉદ્યાન બાદ ગુજરાત ભારતમાં ચિત્તાઓનું બીજું ઘર બનશે

# REV KARNATAKA CM

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આજે લોકભવનમાં રાજ્યપાલના સચિવને તેમનું ઔપચારિક રાજીનામું સોંપ્યું. શ્રી સિદ્ધારમૈયાએ આ અંગે કહ્યું, તેમણે મુખ્યમંત્રી તરીકે ડી. કે. શિવકુમારને કાર્યભાર સંભાળવા આમંત્રણ આપવા અનુરોધ કર્યો છે. કારણ કે, તેમની સરકાર પાસે વિધાનસભામાં 136થી વધુ ધારાસભ્યોના સમર્થન સાથે પૂર્ણ બહુમતી છે.

શ્રી સિદ્ધારમૈયાએ કહ્યું, પક્ષે તેમને રાજ્યસભા બેઠકની ઑફર કરી હતી, જેનો તેમણે વિનમ્રતાથી અસ્વીકાર કર્યો છે. રાષ્ટ્રીય રાજનીતિમાં રસ ન હોવાની વાત કહેતાં તેમણે કહ્યું, તેઓ રાજ્યની જનતા માટે કામ કરવાનું યથાવત્ રાખશે.

વિધાનસભા ચૂંટણીઓમાં કૉંગ્રેસના વિજય બાદ શ્રી સિદ્ધારમૈયા મે 2023માં બીજી વખત કર્ણાટકના મુખ્યમંત્રી બન્યા હતા. તેઓ રાજ્યના સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહેનારા નેતા છે.

# BASHIR BADR PASSES AWAY

ઉર્દૂ સાહિત્યની એક મહાન અવાજ હંમેશા માટે આજે શાંત થઈ ગઈ. પ્રસિદ્ધ કવિ અને સાહિત્યકાર બશીર બદ્રનું આજે મધ્યપ્રદેશના ભોપાલમાં 91 વર્ષની વયે અવસાન થયું. તેમના પરિવારના જણાવ્યા મુજબ, બપોરે 12 વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આજે સાંજે સાત વાગ્યે ભોપાલ ટૉકિઝ પાસેના કબ્રસ્તાનમાં તેમને દફનાવવામાં આવ્યાં. બશીર બદ્ર લાંબા સમયથી યાદશક્તિ ગુમાવવાની બીમારીથી પીડાતા હતા.

બશીર બદ્રએ ઉર્દૂ કવિતાને એક નવી ઓળખ આપી. તેમની શૈલિ પરંપરાગત કવિઓથી અલગ હતી. તેમની ગઝલોમાં પ્રેમ, એકાન્ત, સંબંધ અને દૈનિક જીવનનું વર્ણન છે. તેમના ઘણા દોહા આજે પણ મુશાયરાઓમાં ગવાય છે, જેને સોશિયલ મીડિયા પર વ્યાપક રીતે શેર કરાય છે.

બશીર બદ્રએ અલિગઢ મુસ્લિમ વિશ્વવિદ્યાલયમાંથી અનુસ્નાતકની ઉપાધી મેળવી હતી અને ત્યારબાદ તેઓ મેરઠ મહાવિદ્યાલયમાં ઉર્દૂ વિભાગમાં લેક્ચરર તરીકે જોડાયા. તેમણે વર્ષ 1990 સુધી ત્યાં શિક્ષણ આપ્યું. આ સમયગાળાને તેમની કાવ્યાત્મક કારકિર્દીનો સૌથી મહત્વપૂર્ણ તબક્કો મનાય છે. આ સમયગાળા દરમિયાન તેમને ભારતમાં અને વિદેશમાં ઓળખ મળી.

# INDIA KOREA CEPA

ભારત-કોરિયા વ્યાપક આર્થિક ભાગીદારી કરારને અપગ્રેડ એટલે કે, અદ્યતન કરવા વાટાઘાટોનો 12-મો તબક્કો નવી દિલ્હીમાં સંપન્ન થયો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું, બેઠક દરમિયાન બંને પક્ષે આ વાટાઘાટોમાં અત્યાર સુધી થયેલી પ્રગતિની સમીક્ષા કરી. બંને પક્ષે ભારતના દ્વિપક્ષીય વેપાર ખાધ સ્વીકારી હતી, જે વર્ષ 2010માં ભારત-કોરિયા વ્યાપક આર્થિક ભાગીદારી કરાર લાગૂ થયા બાદથી ઘણી વધી છે અને બંને પક્ષે આ વિષયનું નિવારણ લાવવા સંમતિ વ્યક્ત કરી.

મંત્રાલયે જણાવ્યું, બેઠકમાં ડિજિટલ વેપાર, પૂરવઠા શ્રૃંખલા સહકાર અને વ્યૂહાત્મક ઔદ્યોગિક સહકારના ક્ષેત્રોમાં સહકાર પર ચર્ચા કરવા પેટા-જૂથ બનાવવાનો નિર્ણય કરાયો.

# RANCHI PLFI COMMANDER ARREST

રાંચી પોલીસે એક મોટા અભિયાન અંતર્ગત પ્રતિબંધિત ઉગ્રવાદી સંગઠન પિપલ્સ લિબરેશન ફ્રન્ટ ઑફ ઇન્ડિયાના મુખ્ય સૂત્રધાર અમૃત હોરોની ધરપકડ કરી. તેની પર 10 લાખ રૂપિયાનું ઈનામ હતું.

રાંચીના વરિષ્ઠ પોલીસ અધિક્ષક રાકેશ રંજનના નેતૃત્વમાં એક વિશેષ પોલીસ દળે અમૃત હોરોને પકડી પાડ્યો. તે રાંચી, ખૂંટી અને આસપાસના જિલ્લાઓમાં જબરદસ્તી ખંડણી વસૂલી અને ગુનાહિત પ્રવૃત્તિઓમાં કથિત રીતે સામેલ હતો. પોલીસ અન્ય ઉગ્રવાદીઓ અને સંગઠનના નેટવર્ક અંગે માહિતી એકત્રિત કરવા અમૃત હોરોની પૂછપરછ કરી રહી છે.

# BADMINATION

ભારતીય ખિલાડી લક્ષ્ય સેન અને પીવી સિંધુ સિંગાપોર ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા. જ્યારે ચિરાગ શેટ્ટી અને સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડીની પુરુષોની ડબલ્સ જોડી તથા ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની મિશ્ર ડબલ્સ જોડી પણ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી છે. પીવી સિંધુનો આગામી મુકાબલો દક્ષિણ કોરિયાની એન સે-યંગ સામે થશે.